# સરકારી ભંડોળ
# (Government Fund)

**સરકારી ભંડોળ (Government Fund)**

- ભારતનું એકત્રિત ભંડોળ (Consalidated Fund of India)
- ભારતનું જાહેર ખાતું (Public Account of India)
- ભારતનું આકસ્મિત ભંડોળ (Contingency Fund of India)

➤ સરકારી ભંડોળ એ એવી વ્યવસ્થા છે. જેમાં સરકારની તમામ આવકો જમા થાય છે. અને આ આવકમાંથી સરકાર ખર્ચ કરે છે. સામાન્ય રીતે સરકારી ભંડોળ ત્રણ પ્રકાર હોય છે.

## 1. ભારતનું એકત્રિત ભંડોળ સંચિતનિધિ (Consalidated Fund of India)

➤ બંધારણના **અનુચ્છેદ –266** માં આ ફંડની જોગવાઈ કરવામાં આવી છે.

### ભારતની સંચયનિધિના આવકના સ્ત્રોતો

➤ ભારત સરકારની તમામ મહેસૂલી આવક આ ભંડોળમાં જમાં થાય છે.

➤ લોન ચૂકવણી દ્વારા થતી આવક પણ આ ભંડોળમાં જમા થાય છે.

### ભારતની સંચિતનિધિના નાણાંનો ખર્ચ

➤ સામાન્ય રીતે ભારત સરકારના તમામ ખર્ચ આ ભંડોળમાંથી કરવામાં આવે છે.

➤ બંધારણીય હોદ્દા પરના અધિકારીઓના વેતન અને ભથ્થા આ ભંડોળમાંથી જ કરવામાં આવે છે. જેને **"ભારિત ખર્ચ"** કહેવામાં આવે છે.

➤ આ ભંડોળમાંથી નાણાં સંસદની મંજૂરી વગર ઉપાડી શકાય નહિ. અર્થાત સંસદમાં કોઈ કાયદા દ્વારા આ ભંડોળમાંથી નાણાં ઉપાડી શકાય છે.

## 2. ભારતનું જાહેર ખાતું (Public Account of India)

➤ બંધારણના **અનુચ્છેદ– 266** માં ઉલ્લેખિત છે.

### જાહેરખાતાના આવકના સ્ત્રોત

➤ તમામ સાર્વજનિક નાણાં **"ભારતના જાહેર ખાતાં"**માં જમા થાય છે જેમ કે

– પ્રોવિડન્ટ ફંડના નાણાં

– બેંકમાં જમા નાણાં

– પોસ્ટ ઓફિસમાં જમા નાણાં

– વિમૂડીકરણ (Disinvestment) દ્વારા થતી આવક પણ આ ભંડોળમાં જમા થશે.

## 3. આકસ્મિક ભંડોળ (Cotingency Fund)

➤ બંધારણ **અનુચ્છેદ– 267** માં આ ફંડ અંગેની જોગવાઈ છે.

➤ આ ફંડ **રાષ્ટ્રપતિને આધિન** હોય છે.

➤ આકસ્મિક ભંડોળનો વહિવટ અને સંચાલન રાષ્ટ્રપતિ તરફથી **નાણાં સચિવ** કરે છે.

➤ કોઈ આકસ્મિક પરિસ્થિતિમાં આ ફંડમાંથી રૂ. 500 કરોડ સુધિની રકમ લઈ શકાય છે. પરંતુ પાછળથી સંસદની મંજૂરી લેવી જરૂરી છે.

➤ આકસ્મિત ફંડમાં નાણાં પૂરા થતા એકત્રિત ફંડમાંથી નાણાં ઉપાડી આકસ્મિક ફંડમાં ઉમેરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS